# મોડ્યુલ- GJ 4
# ‘પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન’

શિક્ષકનું નામ : ડાભી રાજેશ ધનજીભાઈ મો.નં.:- ૯૦૯૯૪૯૮૯૪

શાળાનું નામ : શ્રી સારંગવાડા પ્રાથમિક શાળા તા – અબડાસા જિ- કચ્છ

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ પરિચય:-

પ્રોફેસર સંધ્યા દ્વારા ત્રણ મિનિટ નો વિડીયો અહીં બતાવવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ શાળાના શિક્ષણ માં માતા પિતા અને સમુદાયની સામેલગીરી ની જરૂરિયાત અને મહત્વ સમજાવવામાં આવ્યું.બાળકો ધોરણ ત્રણ અને મોડામાં મોડા ધોરણ પાંચ સુધીમાં બાળકો પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન FLN પ્રાપ્ત કરે જેમાં માતા-પિતા પરિવાર સમુદાયો અને એસ.એમ.સી ની સામેલગીરી તમામ બાળકોના શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરે છે.

☯ પ્રવૃત્તિ- ૧ : તમારી સમજ ચકાસો ☯

અહીં એક કોષ્ટક છે જેમાં માત પિતા સાથેની રોજબરોજની તમારી વાતચીત અનુસાર ખરાની નિશાની કરવાની હતી.

★ સાચી ભાગીદારી એટલે શું:-

ભાગીદારીના સંદર્ભે શિક્ષકો અને સંચાલકો બાળકને પરિવાર જેવી અનુભૂતિ થાય તેવી શાળાઓ નિર્માણ કરવું. સામુદાયિક માનસિકતા ધરાવતા પરિવાર અને વિદ્યાર્થીઓ તેમના આડોશપાડોશ અને અન્ય પરિવારોને મદદ કરવી

★ FLN પ્રવૃત્તિઓમાં માતા-પિતા અને સમુદાયને શા માટે સામેલ કરવા જોઈએ:-

FLN ના અમલીકરણ માટેની માર્ગદર્શિકાએ FLN મિશનના હેતુઓની સિદ્ધિ માટે ખાસ કરીને માતા પિતા અને સમુદાયને મહત્વપૂર્ણ હિસ્સેદારો તરીકે જોડવા ની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

★ માતા-પિતા પરિવાર સમુદાય અને એસ.એમ.સી ની ભૂમિકા:-

આમાં 9:30 મિનિટનો પ્રોફેસર સંધ્યા સંઘાઈ નો વિડિયો બતાવવામાં આવ્યો. જેમાં શિક્ષકો, શાળાઓ, માત- પિતા અને સમુદાય વચ્ચે ની ભાગીદારી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો આ બધા સાથે મળીને કામ કરે છે ત્યારે તે FLN કૌશલ્યમાં વધારો કરે છે અને ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે.

☯ પ્રવૃત્તિ- ૨ : તમારા વિચારો જણાવો ☯

શાળાજીવન -શાળામાં સામાન્ય રીતે તમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે વિશે વિચારો તથા એસ.એમ.સી સભ્યો અને માતા-પિતા મુશ્કેલીઓ ઉકેલવાનો

પ્રયાસ આના વિષે આપણા વિચાર અહીં આપેલ વેબસાઈટ ખોલી તેમાં પોતાના અભિપ્રાય આપવાના હતા જે આપ્યા.

★ ભાગીદારીના સંવર્ધન માતા-પિતા કુટુંબો અને સમુદાયના સભ્યોને જવાબદારીઓ:-

જેમાં નવરાશના સમયમાં વાંચન, કૌટુંબિક ચર્ચાઓ, શૈક્ષણિક રમતો અને શીખવાની પ્રક્રિયામાં અભિવૃદ્ધિ વગેરે ઘરે શીખવાની પ્રવૃત્તિઓ અને ઘરે સહાયક થઇ શકે તેવી માહિતી પૂરી પાડીને તેમને સમર્થન આપવાનો છે.

★ કુટુંબો અને સમુદાયો સાથેની ભાગીદારી ને અસરકારક કેવી રીતે બનાવવી:-

માતા-પિતા પરિવારો સમુદાય અને એસ.એમ.સી સભ્યો શાળાઓની કાર્યક્ષમતાના અને વધારવા બાળકોના શિક્ષણ માં યોગદાન આપે છે. આ સહયોગને વધુ ટકાઉ અને અસરકારક કેવી રીતે બનાવી શકાય તેમાં પરિવાર મૈત્રીપૂર્ણ વાતાવરણ નિર્માણ કરી શકે છે.

★ અર્થપૂર્ણ ભાગીદારી માટેની પ્રવૃતિઓ:-

જાતે કરી જુઓ ની પ્રવૃત્તિ મૂલ્યાંકનના પરિણામોનો વ્યાપક પ્રચાર પ્રસાર વાંચન કાર્યક્રમ શિક્ષણ સંવાદ રેડિયોના માધ્યમથી સંદેશા વગેરે

➻ <u>શાળા એ ફરજિયાત પણે કરવાની એક પ્રવૃત્તિ</u>:-

FLN અભિયાનનું એક પોસ્ટર તેમના બાળકો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવાનું મહત્વ.

★ માતા-પિતા સમુદાય અને એસ.એમ.સી ને શાંત કરવા માટેની વ્યૂહરચનાઓ:-

ઝુંબેશો અને વિશાળ કાર્યક્રમનું આયોજન, મૂલ્યાંકન ના પરિણામોનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય. પ્રોફેસર સંધ્યા સંઘાઈ દ્વારા વીડિયોમાં જોયું કે એક માતા પોતાના બાળકને પુસ્તકની મદદથી એક વાર્તા કહી રહી છે અને તે ઘરના વાતાવરણમાં કહી રહી છે.

☯ <u>પ્રવૃત્તિ- 3 PTM: વાતચીત માટે ની એક શક્તિશાળી પદ્ધતિ</u> ☯

અહીં આપેલ વેબસાઈટ ઓપન કરી તેમાં પ્રતિભાવ આપ્યા.

☯ <u>પ્રવૃત્તિ- ૪ : તમારી સમજ ચકાસો</u> ☯

જેમાં 'હા' અને 'ના' મા જવાબ આપ્યા.

★ એમએલએ સંબંધિત પ્રવૃત્તિઓ અને માતા ની ભાગીદારી:-

મૌખિક ભાષા વાંચન ,લેખન અને સંખ્યાજ્ઞાન આ તમામ ક્ષેત્રો લક્ષ્યોનો ઉલ્લેખ કરવામાં આવે છે. ઘરનું વાતાવરણ લેખિત સામગ્રીથી સમૃદ્ધ બનાવવું, મુખર વાંચન, ગીતો અને જોડકણાં યુક્ત વાતચીત, સામુહિક વાંચન.

☯ <u>પ્રવૃત્તિ- ૫ : જાતે કરી જુઓ</u> ☯

માતપિતા માટે પ્રશ્નાવલી અને પ્રતિભાવ વિશ્લેષણ તૈયાર કરો.

☯ <u>પ્રવૃત્તિ- ૬ : તમારી સમજ ચકાસો</u> ☯

જેમાં જોડવું અને પ્રશિક્ષિત કરવો માંથી યોગ્ય પ્રતિભાવ આપવાના હતા તે આપ્યા.

★ સારાંશ :-

FLN પ્રવૃત્તિઓમાં માતા-પિતા અને સમુદાયની ભાગીદારી નો ચાર્ટ આપેલો હતો.

★ પોર્ટફોલિયો :-

અહીં માતપિતાની રુચિ જાણવા માટે ના માર્ગદર્શન કાર્યક્રમ નું સમયપત્રક તૈયાર કરવાનું હતું.

★ વધારાના સંસાધનો :-

અહીં વિવિધ સંદર્ભ આપેલા છે અને વેબ લિંક આપેલી છે જે આ મોડ્યૂલ માટે ઉપયોગી છે.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.